## અધ્યાય - ૯

આ અધ્યાયમાં કુલ ૪૯ સૂત્રો છે. અત્યાર સુધીના આઠ અધ્યાયોમાં સૂત્રકાર મહર્ષિએ પ્રથમ ચાર અધ્યાયમાં જીવ તત્ત્વ, પાંચમા અધ્યાયમાં અજીવ તત્ત્વ, છઠ્ઠા અને સાતમા અધ્યાયમાં આશ્રવ તત્ત્વ, આઠમા અધ્યાયમાં બંધ તત્ત્વ વિશે સુંદર વિવેચન કર્યું.

નવમા અધ્યાયમાં સંવર તત્ત્વ સમજાવશે. સાથે સાથે નિર્જરા તત્ત્વની શરૂઆત પણ કરશે.

आस्रवनिरोधः संवरः ९-१
આશ્રવનિરોધઃ સંવરઃ ૯-૧
આશ્રવ નિરોધઃ સંવરઃ ૯-૧

**સૂત્રાર્થ**: આશ્રવનો નિરોધ એ સંવર છે.

**ભાવાર્થ**: આશ્રવ એટલે કર્મોનું આત્મામાં આવવું. તેનો નિરોધ એટલે કે આવતા કર્મોને રોકવા તે સંવર કહેવાય છે. સૂત્રકારે આશ્રવના ૪૨ ભેદ છઠ્ઠા અધ્યાયમાં સમજાવ્યા છે જે સંક્ષેપમાં નીચે પ્રમાણે છે. (જુઓ સૂત્ર ૬-૧ અને ૬-૬)

**પાંચ અવ્રત**: હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, અને પરિગ્રહ આ પાંચ અવ્રત, આશ્રવ છે. તેની વિરતિ અર્થાત નિરોધ તે સંવર.

**ચાર કષાય**: ક્રોધ, માન, માયા, લોભ. આ ચાર કષાયોનો નિરોધ તે સંવર છે.

**પાંચ ઇન્દ્રિય**: સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઇન્દ્રિયો દ્વારા થતા આશ્રવનો નિરોધ અર્થાત રાગ-દ્વેષ રૂપ પ્રવૃત્તિઓને અટકાવવી તે સંવર

**પચ્ચીસ ક્રિયા**: સમ્યક્ત્વ ક્રિયા, મિથ્યાત્વ વગેરે છઠ્ઠા અધ્યાયના છઠ્ઠા સૂત્રમાં બતાવેલી ક્રિયા દ્વારા થતા આશ્રવને અટકાવવો તે પણ સંવર છે.

**યોગ**: મન, વચન, કાયાની પ્રવૃત્તિ જેને યોગ કહેવાય છે તે યોગનો નિરોધ એ પણ સંવર છે.

આમ ૫-અવ્રત, ૪-કષાય, ૫-ઇન્દ્રિય, ૨૫-ક્રિયા અને ~~ત્રણ~~ ૩-યોગ આમ ૪૨ પ્રકારના આશ્રવદ્વાર આવતાં કર્મોને અટકાવવા તે સંવર છે. સંવર તત્ત્વના બે ભેદ છે.

**સર્વ સંવર :** મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચ બંધ હેતુઓનો સર્વથા અભાવ જ્યારે થાય ત્યારે જ પૂર્ણ સંવરભાવ પ્રગટ થાય છે. જેને સર્વ સંવર કહે છે. આવો સર્વ સંવરભાવ અયોગી કેવળી નામના ચૌદમા ગુણસ્થાનકે થાય છે.

**દેશ સંવર :** થોડા આશ્રવોનો અભાવ એ દેશ સંવર કહેવાય છે. અંશે અંશે પૂર્વેના ગુણસ્થાનકોમાં હોય છે. દેશ સંવરભાવ આંશિક સંવરભાવ આવે તો જ તેમાં વૃદ્ધિ થતાં કાળક્રમે સર્વ સંવરભાવ આવે છે.

આ સંવર કઈ રીતે થઈ શકે? તેના ઉપાયો સૂત્રકાર મહર્ષિ હવે પછીના સૂત્રમાં બતાવે છે.

**સાર :** આપણા આત્મામાં કર્મનો આશ્રવ સમયે સમયે થતો રહે છે પરંતુ આશ્રવ ચાલુ હોય ત્યાં સુધી સંવર ન જ હોય એમ સમજવાનું નથી. અંશે અંશે આશ્રવનો નિરોધ થતાં ઉપર ગુણસ્થાનકોની નીસરણી ચઢી શકાય છે. આવો આંશિક સંવરભાવ આવે તો જ તેમાં વૃદ્ધિ થતાં કાળક્રમે સર્વસંવરભાવ આવી શકે છે. ~~દેશ સંવર~~ દેશસંવર અને સર્વસંવરનું તારણ છે. ચોથા ગુણઠાણાથી તેરમા ગુણઠાણા સુધી દેશસંવર વધતો જાય છે તેને સાધકદશા કહેવાય છે અને ૧૪ ચૌદમા ગુણઠાણે થતાં સર્વસંવર ને સાધ્યદશા કહેવાય છે. આપણે પણ દેશસંવરથી ક્રમે ક્રમે ગુણસ્થાનકો ચઢતા જઈએ તેવો પુરુષાર્થ જરૂર કરીએ.

स गुप्ति-समिति-धर्मानुप्रेक्षा-परीषहजय-चारित्रैः ९-२

સ ગુપ્તિ-સમિતિ-ધર્માનુપ્રેક્ષા-પરીષહજય-ચારિત્રૈઃ ૯-૨

સઃ ગુપ્તિ-સમિતિ-ધર્મ-અનુપ્રેક્ષા-પરીષહજય-ચારિત્રૈઃ ૯-૨

<u>સૂત્રાર્થ</u>: તે (સંવર) ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરીષહજય અને ચારિત્ર વડે થાય છે.

<u>ભાવાર્થ</u>: ગુપ્તિ, સમિતિ, યતિધર્મ, અનુપ્રેક્ષા, પરીષહજય અને ચારિત્ર ના સેવન દ્વારા નવા આવતા કર્મોનો સંવર થાય છે. ગુપ્તિ વગેરેના ભેદો અનુક્રમે ૩, ૫, ૧૦, ૧૨, ૨૨ અને ૫ મળીને કુલ ૫૭ છે. આગળ સૂત્રથી દરેક ભેદનું વિવેચન શરૂ કરશે.

तपसा निर्जरा च ९-३

તપસા નિર્જરા ચ ૯-૩

તપસા નિર્જરા ચ ૯-૩

<u>સૂત્રાર્થ</u>: તપ દ્વારા નિર્જરા અને સંવર બંને થાય છે.

<u>ભાવાર્થ</u>: <u>શંકા</u>: ગુપ્તિ સમિતિ વગેરે દ્વારા જેમ સંવર થાય છે તેમ તપ દ્વારા પણ સંવર થાય છે. તો સૂત્ર ૯-૨ માં તપ થી પણ સંવર થાય છે તો કેમ ન કહ્યું?

<u>સમાધાન</u>: તપ દ્વારા એકલો સંવર થતો નહિ પરંતુ સંવર અને નિર્જરા બંને થાય છે એમ સમજાવવું છે માટે સૂત્ર ૯-૨ માં તપ ન લખતાં આ સૂત્ર જુદુ બનાવીને બંનેનો ઉલ્લેખ કર્યો છે. તપના બે વિભાગ છે, બાહ્યતપ અને અભ્યંતર તપ. બાહ્યતપમાં આહારનો ત્યાગ છે અને અભ્યંતરતપ માં કષાયનો ત્યાગ છે. આ બંને પ્રકારના

તપમાં આશ્રવ નિરોધ હોવાથી જેમ સંવર થાય છે તેમ પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા પણ થાય છે. તેથી તપ દ્વારા સંવર અને નિર્જરા બંને થાય છે એમ જણાવવા પૂર્વ સૂત્રમાં તપનો ઉલ્લેખ કર્યો નથી.

શંકા: જો તપથી સંવર અને નિર્જરા બંને થાય છે અને તેથી ભિન્ન સૂત્રની રચના કરી છે. તો પછી સૂત્ર ૯-૨ માં કહેલા ગુપ્તિ, સમિતિ વગેરે દ્વારા શું એકલો સંવર જ થાય છે? શું નિર્જરા નથી થતી? નિર્જરા થતી હોય એમ જણાય છે. કારણ કે મન-વચન-કાયાની ગુપ્તિથી અશુભ વિચારોને રોકવાથી જેમ આશ્રવનો નિરોધ થયો તેમ તેટલા અંશે કર્માદાનનો ત્યાગ થવાથી પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા પણ થાય જ છે. તો પછી ૫૭ ભેદો દ્વારા એકલા સંવરનું વિધાન કેમ કર્યું? સંવર-નિર્જરા બંને થાય છે એમ કેમ ન કહ્યું?

સમાધાન: તમારી વાત સાચી છે. તપ દ્વારા પણ સંવર-નિર્જરા બંને થાય છે અને સમિતિ ગુપ્તિ વગેરે ૫૭ ભેદો દ્વારા પણ સંવર-નિર્જરા બંને થાય છે. પરંતુ તપ દ્વારા નિર્જરા અધિક થાય છે અને સમિતિ ગુપ્તિ આદિ ૫૭ ભેદો દ્વારા સંવર અધિક થાય છે. તપમાં નિર્જરાની વિશેષ પ્રધાનતા છે અને ગુપ્તિ આદિમાં સંવરની વિશેષ પ્રધાનતા છે. એટલે તપથી મુખ્યતયા નિર્જરા અને ગુપ્તિ આદિથી મુખ્યતયા સંવર થાય છે એમ જણાવવા માટે બંને સૂત્રોની ભિન્ન ભિન્ન રચના કરી છે. તપથી નિર્જરાની સાથે સંવર પણ થાય છે તે સમજાવવા ચ શબ્દ કહીને સંવરનું પણ વિધાન કરેલ છે.

सम्यग् योगनिग्रहो गुप्तिः ૯-૪

સમ્યગ્ યોગનિગ્રહો ગુપ્તિઃ ૯-૪

સમ્યગ્ યોગનિગ્રહઃ ગુપ્તિઃ ૯-૪

સૂત્રાર્થ: મન-વચન- અને કાયાના યોગનો સમ્યગ્ પ્રકારે નિગ્રહ કરવો તે ગુપ્તિ છે.

ભાવાર્થ: નિગ્રહનો અર્થ થાય છે કાબુ રાખવો, અંકુશ રાખવો. મન, વચન અને કાયાના ભેદથી યોગ ત્રણ પ્રકારે છે તે ત્રણે યોગો ઉપર અંકુશ રાખવો તેને ગુપ્તિ કહેવાય. પરંતુ માત્ર યોગનિગ્રહને ગુપ્તિ ન કહેતા સૂત્રકારે આગળ સમ્યગ્ શબ્દ મુક્યો છે. કારણકે મન, વચન, કાયાની પ્રવૃત્તિ રોકીને ક્યારેક ચોર પણ પોતાની ઈચ્છા પાર પાડે છે. પાણીમાં ઊભેલો બગલો પણ માછલાને પકડવા અત્યંત સ્થિર થવા રૂપ યોગનિગ્રહ કરે છે. આ બધી પ્રવૃત્તિને ગુપ્તિ નહિ તેમ સમજાવવા માટે યોગનિગ્રહની પૂર્વે "સમ્યગ્" શબ્દ મુક્યો છે.

શંકા: કોને સમ્યક્ પ્રકાર કહેવાય ?

સમાધાન: સમ્યક્ એટલે પ્રશસ્ત. સમજને શ્રદ્ધાપૂર્વક સ્વીકારવું તે, અર્થાત શ્રદ્ધાપૂર્વકની બુદ્ધિ વડે ઉન્માર્ગમાંથી રોકીને સન્માર્ગમાં યોગોને પ્રવર્તાવવા તે સમ્યક્ યોગ નિગ્રહ. ટૂંકમાં સમ્યક્ એટલે કેવા યોગોથી કર્મબંધ થાય છે અને કેવા યોગોથી સંવર કે નિર્જરા થાય છે એમ જાણીને તેની શ્રદ્ધા કરવી અર્થાત સમ્યક્ એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પૂર્વકની પ્રવૃત્તિ.

કર્મબંધનું કારણ બને એવા મન-વચન-કાયાના યોગો હેય છે અને એનાથી સંવર-નિર્જરા થાય તેવા મન, વચન, કાયાના યોગો ઉપાદેય છે. આમ હેય યોગોનો ત્યાગ અને ઉપાદેય યોગોનો સ્વીકાર તે ગુપ્તિ કહેવાય છે. અહીં નિગ્રહ શબ્દથી પ્રવૃત્તિ-નિવૃત્તિ બંને સમજવી. યોગો ત્રણ હોવાથી ગુપ્તિના ભેદ પણ ત્રણ છે.

<u>મનોગુપ્તિ</u>: ચિંતન, મનન એ મનનો વિષય છે. તે શુભ પણ હોય છે અને અશુભ પણ હોય છે. આર્તધ્યાન અને ~~એ~~ રૌદ્રધ્યાન રૂપ જે ચિંતન મનન છે તે અશુભ છે. તેથી તેવા વિચારોથી નિવૃત્તિ કરવી. ધર્મધ્યાન તથા શુક્લધ્યાન રૂપ જે ચિંતન મનન છે તે શુભ છે તેથી તેમાં પ્રવૃત્તિ કરવી તે મનોગુપ્તિ છે. ટૂંકમાં અશુભ વિચારોથી અટકવું અને શુભ વિચારોમાં પ્રવર્તવું તે મનોગુપ્તિ કહેવાય છે.

<u>વચનગુપ્તિ</u>: અસત્ય અને અયોગ્ય ભાષણથી નિવૃત્તિ કરવી અથવા મૌન ધારણ કરી સર્વથા વચનવ્યવસાયથી નિવૃત્તિ કરવી તે વચનગુપ્તિ. તથા હિતકારી અને પ્રિય વચનો દ્વારા સ્વાધ્યાય કરવો, ઉપદેશ આપવો અર્થાત્ ભાષા વર્ગણાના પુદ્ગલોને કુશળ અનુષ્ઠાનોમાં પ્રવર્તાવવા.

<u>કાયગુપ્તિ</u>: કાયોત્સર્ગ દ્વારા કાયાના વ્યાપારની નિવૃત્તિ અથવા ધાર્મિક અનુષ્ઠાનોમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબની પ્રવૃત્તિ એ કાયગુપ્તિ છે. કાયયોગને સૌથી પહેલું સ્થાન આપવામાં આવ્યું છે. વાગ્યોગ બેઇન્દ્રિયાદિ જીવોને હોય છે, મનોયોગ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ હોય છે.
~~આ રીતે~~ કાયયોગ સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર સર્વજીવોને હોય છે. તેનો સંબંધ અનાદિકાળથી છે અને મોક્ષમાં જાય ત્યાં સુધી રહેવાનો છે.

**સાર** સૂત્રકાર મહર્ષિએ અહીં ત્રણ ગુપ્તિનું વર્ણન કર્યું. જેના પાયામાં છે સમ્યગ્ યોગનિગ્રહ. આત્માના હિતને બાધા આવે એવા અશુભઅધ્યવસાયથી નિવૃત્તિ અને આત્માના કલ્યાણનું કારણ બને એવા શુભઅધ્યવસાયમાં પ્રવૃત્તિ કરવી તેને ગુપ્તિ કહેવાય છે.

सूत्र - ईर्याभाषैषणादाननिक्षेपोत्सर्गाः समितयः ९-५

ઈર્યા - ભાષૈષણાદાનનિક્ષેપોત્સર્ગાઃ સમિતયઃ ૯-૫

ઈર્યા - ભાષા - એષણા - આદાનનિક્ષેપ - ઉત્સર્ગાઃ સમિતયઃ ૯-૫

<u>સૂત્રાર્થ</u>: ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનનિક્ષેપસમિતિ, અને ઉત્સર્ગસમિતિ એમ પાંચ સમિતિ છે.

<u>ભાવાર્થ</u>: સમિતિ શબ્દમાં સમ્ અને ઈતિ એવા શબ્દો છે. સમ્ એટલે સમ્યગ્ અથવા સારી રીતે અને ઈતિ એટલે પ્રવૃત્તિ. આત્માના હિતનો વિનાશ ન થાય તેવી પ્રવૃત્તિ કરવી તેને સમિતિ કહેવાય છે.

<u>શંકા</u>: સમિતિ અને ગુપ્તિ વચ્ચે તફાવત શું છે?

<u>સમાધાન</u>: સમિતિ એ સમ્યગ્ભાવ પૂર્વકની પ્રવૃત્તિની પ્રધાનતાવાળી છે અને ગુપ્તિ એ સમ્યગ્ભાવની પ્રવૃત્તિ અને મિથ્યાભાવની નિવૃત્તિ એમ પ્રવૃત્તિ-નિવૃત્તિ ઉભયરૂપ છે. જો કે ગુપ્તિમાં સમિતિનો સમાવેશ થઈ જાય છે, તો પણ બાળજીવોને સ્પષ્ટ બોધ થાય માટે ગુપ્તિથી સમિતિનું અલગ વિધાન કર્યું છે. સામાન્ય અભ્યાસી જીવોમાં અશુભથી નિવૃત્તિ તે ગુપ્તિ અને શુભમાં પ્રવૃત્તિ તે સમિતિ એવો અર્થ પણ પ્રચલિત છે પરંતુ વાસ્તવિકપણે ગુપ્તિ એ પ્રવૃત્તિ-નિવૃત્તિ એમ ઉભયરૂપ છે.

(૧) ઈર્યાસમિતિ: ઈર્યા એટલે ચાલવું. ગમનાગમન કરવું. સંયમજીવનની રક્ષા તથા તેની પુષ્ટિ હેતુ તેવા આશય થી આવશ્યક કાર્ય કરવા માટે યુગપ્રમાણ (૪ હાથ) ભૂમિનું નિરીક્ષણ કરવા પૂર્વક ચાલવું. લોકોનું જ્યાં વધારે ગમનાગમન હોય તથા સૂર્યનો આદિક પ્રકાશ આવતો હોય તેવા માર્ગે જીવોની રક્ષાના ઉપયોગ પૂર્વક ગમન કરવું તે ઈર્યાસમિતિ.

(૨) ભાષા સમિતિ: ભાષા એટલે બોલવું. જરૂર પડે ત્યારે સત્ય પરનો હિતકારી, નિરવદ્ય અને સ્પષ્ટ વચન બોલવા તે ભાષા સમિતિ.

(૩) એષણા સમિતિ: એષણા એટલે ગવેષણા કરવી, શોધવું, તપાસવું. પોતે સ્વીકારેલા સંયમની રક્ષા અને નિર્વાહ માટે આવશ્યક એવા ઉપકરણો જેવા કે વસતિ-પાત્ર-આહાર-વસ્ત્ર અને ઔષધ આદિની શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે અર્પિત ૪૨ દોષ રહિતપણે તપાસ કરવી, ગવેષણા કરવી. અને શાસ્ત્રોક્ત વિધિ મુજબ નિર્દોષ ઉપકરણોનો સંયમ માટે સ્વીકાર કરવો તે એષણા સમિતિ.

(૪) આદાન-નિક્ષેપ સમિતિ: આદાન એટલે ગ્રહણ કરવું અને નિક્ષેપ એટલે મૂકવું. સંયમના ઉપકરણોને ચક્ષુ થી જોઈને તથા રજોહરણાદિ થી પ્રમાર્જીને ગ્રહણ કરવા તથા ભૂમિનું નિરીક્ષણ-પ્રમાર્જના કરીને મૂકવા તે આદાન નિક્ષેપ સમિતિ.

(૫) ઉત્સર્ગ સમિતિ: ઉત્સર્ગ એટલે ત્યાગ કરવો, પરઠવવું. શાસ્ત્રોક્ત વિધિ મુજબ ભૂમિનું નિરીક્ષણ-પ્રમાર્જના કરીને મળ-મૂત્રનો ત્યાગ કરવો તે ઉત્સર્ગ સમિતિ.

આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને જૈન શાસ્ત્રમાં "અષ્ટ પ્રવચન માતા" કહેવાય છે. જેમ માતા બાળકને જન્મ આપે છે અને તેનું રક્ષણ, પાલણ કરે છે, તેમ સંયમ ધર્મ જેનું બીજું નામ પ્રવચન છે તેનું રક્ષણ અને પોષણ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ કરે છે. માટે તેને <u>અષ્ટ પ્રવચન માતા</u> કહેવાય છે.

उत्तम: क्षमा - मार्दवार्जव - शौच - सत्य - संयम - तपस्त्यागाकिञ्चन्य - ब्रह्मचर्याणि धर्म: ૯-૬

ઉત્તમ: ક્ષમા-માર્દવાર્જવ-શૌચ-સત્ય-સંયમ- તપસ્ત્યાગાકિંચન્ય - બ્રહ્મચર્યાણિ ધર્મ: ૯-૬

ઉત્તમ: ક્ષમા-માર્દવ-આર્જવ-શૌચ-સત્ય-સંયમ- તપ: -ત્યાગ-આકિંચન્ય-બ્રહ્મચર્યાણિ ધર્મ: ૯-૬

<u>સૂત્રાર્થ:</u> ઉત્તમ (ઉત્કૃષ્ટ) ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એમ દશ પ્રકારનો યતિધર્મ છે.

<u>ભાવાર્થ:</u> ધર્મ બે પ્રકારે કહ્યો છે. સાધુ ધર્મ અને ગૃહસ્થ ધર્મ. આ સૂત્રમાં સાધુધર્મનું વર્ણન છે તેથી સૂત્રકારે "ઉત્તમ" શબ્દ વાપર્યો છે. ક્ષમા આદિ ધર્મ સાધુઓને જ હોય છે. ગૃહસ્થોને ક્ષમા આદિ ધર્મ સામાન્ય હોય છે. ધર્મ: શબ્દના વિશેષણ ~~[illegible]~~ ગ્રંથકારે સાધુજીવનના આ દશ ગુણો તરીકે ઉત્તમ: શબ્દ મૂકીને જણાવ્યા છે તેથી તે ગુણોને ઉત્તમધર્મ પણ કહેવાય છે અને યતિધર્મ પણ કહેવાય છે. તેનું સ્વરૂપ સમજવું.